
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 11, Issue. 210, November 2020

मनुष्य स्वयं प्राणी है, इसलिऐ वह स्वयं पर्यावरण का एक अंग है. उसके लिए सारी सृष्टि पर्यावरण है. पर्यावरण को प्रदूषित करने वाला अपने अस्तित्व का इसलिए खतरा पैदा कर रहा है कि वह स्वयं पर्यावरण से अभिन्न है. पर्यावरण का खतरा स्वयं के लिए खतरा है.

– आचार्य महाप्रज्ञजी

### દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ભૂમિ મારી માતા છે અને હું ભૂમિપુત્ર છું. મનુષ્ય અને પ્રકૃતિ બંને એકબીજાનાં પૂરક છે. પ્રકૃતિનું પ્રત્યેક સ્વરૂપ સ્વયં પરમાત્મા દ્વારા સર્જવામાં આવ્યું છે. પર્યાવરણનું પ્રતિનિધિત્વ કરતાં પાંચ મહાભૂત અર્થાત પૃથ્વી, વાયુ, જળ, અગ્નિ અને આકાશ પૃથ્વી પરના જીવ માટે મહત્વપૂર્ણ સ્ત્રોત છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિને માતા અને ઈશ્વરનો દરજ્જો મળેલો છે. પૃથ્વી પર્વતો, જંગલો અને નદીઓના ભૌગોલિક આકાર જેવી દેખાય છે પરંતુ આપણી ભારતીય પરંપરામાં પ્રકૃતિમાં 'મા'ની અનુભૂતિ સચવાયેલી છે. પરમાત્માએ ધરતીને એક એવું આવરણ અર્પણ કર્યુ છે, જેના દ્વારા જીવન નિર્ધારિત થયું છે. આ આવરણ જ 'પર્યાવરણ' કહેવાય છે. આપણા પૂર્વજો હંમેશા પ્રકૃતિ અથવા તો પર્યાવરણના રક્ષણ માટે તત્પર રહેતા હતા.

આપણા પ્રાચીન તત્વદર્શી ઋષિ–મુનિ ઉચ્ચ કક્ષાના પર્યાવરણ વૈજ્ઞાનિક હતા. આપણા પ્રાચીન ધર્મગ્રંથોમાં પણ પ્રકૃતિને દેવતુલ્ય માનવામાં આવેલ છે. આપણા સૌથી પ્રાચીન ગ્રંથ 'ઋગ્વેદ'માં પણ ગ્રહો, નક્ષત્રો, સૂર્ય, અગ્નિ, વાયુ, જળ, પૃથ્વી, આકાશ, નદી, પર્વતો અને વનસ્પતિઓને દેવોનું સ્થાન પ્રાપ્ત છે.

પર્યાવરણ અથવા વાતાવરણ શબ્દનું નિર્માણ બે શબ્દોના સંયોજનથી બન્યું છે – પરિ+આવરણ. 'પરિ' નો અર્થ છે–ચારે બાજુથી અને 'આવરણ'નો અર્થ છે ઢાંકેલું. મનુષ્યની ચારે બાજુ ફેલાયેલા વાતાવરણને જ પર્યાવરણના વર્તુળમાં માનવામાં આવે છે. મનુષ્ય જન્મથી મૃત્યુપર્યંત પર્યાવરણમાં જ રહે છે. તેના દ્વારા જ પોતાનો અને સમાજનો વિકાસ કરે છે. મનુષ્યને જો ઉત્તમ વાતાવરણ આપવામાં નહી આવે તો તે આદર્શ મનુષ્યના સ્વરૂપમાં, સ્વસ્થ નાગરિક બની શકતો નથી. વ્યકિતને ચારેબાજુથી ઢાંકતા આવરણને 'પર્યાવરણ' કહેવામાં આવે છે.

ઔદ્યોગિકીકરણના વર્તમાનયુગમાં પ્રકૃતિનું શોષણ જ કરવામાં આવ્યું છે. કપાતાં વૃક્ષો, પ્રદૂષિત થતી નદીઓ, જંતુનાશકોમાંથી પેદા થતા ઝેરથી ભરેલી ખાદ્યસામગ્રી મનુષ્યની મૃત્યુ પામતી જતી સંવેદનાને વ્યકત કરી રહી છે. આજની સદીમાં સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ'ની સમસ્યાનો મુકાબલો કરવા માટે જાગૃતિ આવી છે. 'કોરોના' મહારોગે આપણી આંખો ખોલી નાખી છે.

જીવન પ્રકૃતિ એટલે કે પર્યાવરણના રક્ષણ વિના સંભવ નથી. પ્રકૃતિની દયા વિના આપણે આપણા જીવનની પણ કલ્પના કરી શકતા નથી. પ્રકૃતિના સંરક્ષણ માટે વિશ્વમાં આંદોલન, આયોજન અને અભિયાન સંચાલિત કરવામાં આવી રહયાં છે. શાળા, કોલેજો અને ઉચ્ચશિક્ષણની સંસ્થાઓના વિવિધ અભ્યાસક્રમોમાં પણ 'પર્યાવરણ' વિષયને સામેલ કરવામાં આવ્યા છે. વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ પર્યાવરણને બચાવવાના ભાગરૂપે વૃક્ષારોપણ જેવા કાર્યક્રમોનું આયોજન કરે છે. પર્યાવરણ સંરક્ષણ માટે જળ સંરક્ષણ, ભૂમિ સંરક્ષણ, જીવ સંરક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. પ્રકૃતિ અને મનુષ્યની વચ્ચે સમન્વય સાધવાથી જ પર્યાવરણનું રક્ષણ સંભવ છે.

પર્યાવરણનો આશય આપણી ચારે બાજુ વ્યાપ્ત આવરણથી છે.તેના નિર્માણમાં સામાજિક, પ્રાકૃતિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક વગેરે ઘટકો સામેલ છે. પર્યાવરણનું રક્ષણ કરવું એ આપણી જવાબદારી છે. તેની સંપૂર્ણ સુરક્ષા આપણે ત્યારે જ કરી શકીએ, જયારે તેને પ્રદૂષણથી મુકત રાખીશું અને વિભિન્ન માધ્યમો વડે થતા નુકશાનને આપણી રોકીશું. પ્રકૃતિ જ આપણી જીવનદાતા છે, તેની સાથે અયોગ્ય વર્તન જ જીવજગતને વિનાશ તરફ ધકેલી રહયું છે. પ્રકૃતિ છે તો આપણે છીએ, તેના માટે આપણે આભારનો ભાવ પ્રગટ કરીએ, તેનું રક્ષણ કરીએ.

તા. ૨૫ નવેમ્બર ૨૦૨૦

ડૉ. હેમાલીબેન દેસાઈ
ઈ.ચા.કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### સ્ટાર્ટઅપ ડેમો ડે – ઈમરઝીગ ઈનોવેટર્સ વર્ચ્યુઅલ મીટ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના 'ઈનોવેશન અને સ્ટાર્ટઅપ સેન્ટર' દ્વારા તા. ૩–૧૧–૨૦૨૦ના રોજ સ્ટાર્ટઅપ ડેમો ડે–ઈમરઝીગ ઈનોવેટર્સ વર્ચ્યુઅલ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં શ્રી એમ. નાગરાજન, (ડાયરેકટર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર), શ્રી માધુનારાયણ, (જોઈન્ટ કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને આઈ હબના સી.ઈ.ઓ.) શ્રી હીરનમય મહંતા અતિથિ તરીકે આમંત્રિત કરેલ હતા. તેઓએ આવનારા દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં વધારે વિદ્યાર્થીઓ સંશોધન અને સ્ટાર્ટઅપમાં જોડાય અને એક સઘળા પ્રયાસ દ્વારા સંશોધનને એક નવી ઉંચાઈ ઉપર લઈ જાય એવી આશા વ્યકત કરી હતી. કાર્યકારી કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈએ પ્રાસંગિક પ્રવચન આપી મહેમાનોને આવકાર્યા હતા. ડૉ. હેમાલીબેને યુવા ધનને સંશોધન અને સ્ટાર્ટઅપમાં આગળ આવી આવનારા દિવસોમાં યુનિવર્સિટીમાંથી વધારે ઈનોવેટર્સ નવું સંશોધન કરે તેવું આહવાન કરાયું હતું. કાર્યકારી કુલસચિવશ્રી અરવિંદ ધડુક દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન એસ.એસ.આઈ.પી.ના કો– ઓર્ડિનેટર ડૉ. પ્રવિણભાઈ દુધાગરા દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત કાર્યક્રમના ટેકનીકલ સેશનમાં ત્રણ ઉભરતા વિદ્યાર્થી ઈનોવેટર્સ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં અધીશ રાવલ દ્વારા ફોટો સેન્સર ઉપર વિસ્તૃત માહિતી આપી હતી અને આ સેન્સરનો ઉપયોગ ઉદ્યોગોમાંથી નીકળતા ઝેરી ગેસને પારખવા થઈ શકે છે. ડૉ. તેજલ રાવલ દ્વારા ફયુલલેસ એસ.એમ.એ. એન્જીન ઉપર રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ડૉ. તેજલ રાવલે આ એન્જીનની પેટન્ટ કરાવેલ છે. જેની ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શ્રી અક્ષીત ઠાકર દ્વારા એમણે ડેવલપ કરેલા હાઈડ્રો–વીન્ડ ટર્બાઈન પર માહિતી આપી હતી. જે ખૂબ જ ઉપયોગી ઉર્જા સાધન આવનારા દિવસોમાં સાબિત થશે. આ કાર્યક્રમમાં ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોએ ભાગ લીધો હતો. અને આશરે ૧૦૦૦ જેટલા વ્યકિતઓએ કાર્યક્રમ નિહાળ્યો હતો.








## કોલેજ ન્યૂઝ


### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### ગુજરાત બિન અનામત વર્ગ માટેની યોજનાઓઃ નેશનલ વેબિનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૪ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ "ગુજરાત બિનઅનામત વર્ગ માટેની યોજનાઓ" વિષય અંતર્ગત Google Meet, Microsoft Team, You Tube, Tweeter, Face Book અને Instagram ના માધ્યમથી ૧૯ મા નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ગાંધીનગરના ડિરેકટરશ્રી


સી.એ. રૂપીન પચ્ચીગરે મુખ્ય વક્તા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી ૫૨૩૭ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી રૂપીન પચ્ચીગરે જણાવ્યું કે, ગુજરાત રાજયના બિન અનામત વર્ગના મહેનતુ યુવાનો અને યુવતીઓ માટે રોજગારીની તકો ઉભી થાય તેવા હેતુથી વિવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. આવી યોજનાઓને શૈક્ષણિક અને સ્વરોજગારલક્ષી યોજનાઓમાં વિભાજીત કરી શકાય. શૈક્ષણિક યોજનાઓ જે વિદ્યાર્થીઓના ટકા ૬૦ ટકા કરતાં વધુ આવ્યા હોય તેવા બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે તેમજ વિદેશના અભ્યાસ માટે ૧૫ લાખ રૂપિયા સુધીની વિવિધ યોજનાઓ ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવી છે. કોવિડ–૧૯ના સમયગાળા દરમ્યાન જે કુટુંબની આવક ૬ લાખ કરતાં ઓછી હોય અને બિનઅનામત વર્ગમાં સમાવેશ થતો હોય તેવા લોકોને કોમર્શિયલ વાહનો ખરીદવા તથા નાના પાયાના વ્યવસાય માટે ૨.૫૦ લાખ થી ૭.૫૦ લાખ રૂપિયા સુધીની ઓછા વ્યાજની વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ લોકડાઉનને લીધે થયેલ આર્થિક નુકશાન અને આર્થિક રીતે પગભર થવા માટેનો છે. જેમાં વ્યાજ દર મહિલાઓ માટે ૪ ટકા અને પુરુષો માટે ૫ ટકા રાખવામાં આવેલ છે.

તેમણે પોતાના વકતવ્યમાં લોકડાઉનના વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી. તેમજ પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાઓનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મયંક સોઢાએ કરી હતી. વેબિનારનું સંચાલન ડૉ.મેહુલ શાહ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા અને ડૉ. મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. You Tube Link : https://youtu.be/5M_AvORT25o





## નવી શિક્ષણનીતિ : નેશનલ વેબિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૬ ઓગષ્ટ, ૨૦૨૦ના રોજ "નવી શિક્ષણનીતિ" વિષય અંતર્ગત Google Meet, Microsoft Team, You Tube, Tweeter, Face Book અને Instagram ના માધ્યમથી ૨૦ મા નેશનલ વેબિનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ કુલપતિ ડૉ. રમેશ જી. કોઠારી મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી ૬૮૯૦ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં ડૉ. રમેશ કોઠારીએ જણાવ્યું કે, ૩૪ વર્ષ પછી ઈસરોના પૂર્વ ચેરમેન કે કસ્તુરી રંગનના અધ્યક્ષપણા હેઠળ નીમવામાં આવેલી કમિટિ દ્વારા તૈયાર થયેલી નવી શિક્ષણ નીતિને મંજૂરી મળી છે. જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવી શકે છે. ધોરણ–૫ સુધી માતૃભાષામાં શિક્ષણ મળે તેવી વ્યવસ્થાનીતિ શિક્ષણનીતિમાં કરવામાં આવી છે. નવી શિક્ષણ નીતિમાં અભ્યાસક્રમ અને અધ્યાપનને ગોખણપટ્ટું શિક્ષણ ઘટાડવા માટે અને તેના બદલે શાકલ્યવાદી વિકાસ અને ક્રાંતિકારી વિચારસરણી, રચનાત્મક, વૈજ્ઞાનિક અભિગમ, સંચાર, સહયોગ, બહુભાષીવાદ, સમસ્યાનું નિરાકરણ, નીતિશાસ્ત્ર, સામાજીક જવાબદારી અને ડીજીટલ સાક્ષરતા જેવા ૨૧મી સદી કૌશલ્યને પ્રોત્સાહિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં સુધારો દેશભરમાં વિશ્વ કક્ષાની સંસ્થાઓ બનાવી વર્ષ ૨૦૩૫ સુધીમાં લઘુત્તમ નોંધણી ગુણોત્તર ૫૦% જેટલો કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે ૧૦+૨ ને બદલે ૫+૩+૩+૪ નું માળખું અમલમાં મુકવામાં આવનાર છે. જેમાં શરૂઆતમાં ૫ વર્ષ પ્રિ–સ્કુલ, ૬ થી ૮ મીડ–સ્કુલ, ૮ થી ૧૧ હાઈસ્કુલ અને ૧૨ વર્ષ પછીના વર્ષને સ્નાતક તરીકે ઓળખાશે. ધોરણ ૬ પછી વોકેશનલ કોર્ષનો અમલ કરવામાં આવશે. સ્નાતક કક્ષાના કોર્ષને ૪ વર્ષનો કરવામાં આવશે. જેમાં જે વિદ્યાર્થી ૧ વર્ષ અભ્યાસ કરે તો તેને સર્ટીફિકેટ, ૨ વર્ષ અભ્યાસ કરે તો ડિપ્લોમાં, ૩ વર્ષ અભ્યાસ કરે તો એડવાન્સ ડિપ્લોમાં તે ડિગ્રી સર્ટીફિકેટ આપવામાં આવશે. ઉચ્ચ શિક્ષણના સંશોધન

પ્રવૃત્તિ પર ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. જેના માટે રાષ્ટ્રીય સંશોધન સંસ્થાનની સ્થાપના કરવામાં આવશે. જેનાથી સંશોધનની ગુણવત્તામાં વધારો થશે. દેશની સંસ્થાઓમાં પ્રવેશ માટે એક કોમન પરીક્ષાથી વિદ્યાર્થીઓની ગુણવત્તામાં વધારો થશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના નિયમન માટે કેન્દ્રિય સંસ્થાનું ગઠન કરવામાં આવશે. દેશની કુલ GDP ના ૬% જેટલા રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેને કારણે વૈશ્વિક સંસ્થાઓ અને ગુણવત્તા સભર વિદ્યાર્થીઓ તૈયાર થશે. તેમજ વિદ્યાર્થીઓને જે વિષયમાં રસ હશે તેવા જ વિષય પસંદ કરી શકશે.

તેમણે પોતાના વકતવ્યમાં લોકડાઉનના વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી. તેમજ પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાનો પરિચય એસ.આર.પટેલ બી.એડ.કોલેજના અધ્યાપકશ્રી કલ્પેશ પટેલ તેમજ આભારવિધિ ડૉ. સેજલ દેસાઈએ કરી હતી. વેબિનારનું સંચાલન ડૉ. ઝંખના પરમાર, ડૉ. મેહુલ શાહ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા અને ડૉ.મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. You Tube Link: https://youtu.be/KiUaGCT5HUc

## ૭૪મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી : ઓનલાઈન પ્રસારણ

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના કેમ્પસ પર તા. ૧૫–૦૮–૨૦૨૦ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના નેતૃત્વ હેઠળ ૭૪મા સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમવાર વિદ્યાર્થીઓ વિના ધ્વજવંદન કાર્યક્રમને ઓનલાઈન રાખી Microsoft Team, Zoom, You Tube, Tweeter, Face Book અને Instagram ના માધ્યમથી વિદ્યાર્થી અને લોકો સુધી લાઈવ પ્રસારણ કરી સ્વતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ, અગ્રણી બિલ્ડર શ્રી જગદીશભાઈ દેસાઈ, જીવન જ્યોત ટ્રસ્ટ હોસ્પિટલના ડૉ. શૈલેષ દેસાઈ, ડૉ. ભાવિન મોદી, ડૉ. ભરત પરસાણા, એસ.પી.બી. સ્કુલના આચાર્ય શ્રીમતી કલ્પનાબેન દેસાઈ, બી.સી.એ. કોલેજના વિભાગીય વડાશ્રી ડૉ. જૈમિન શુકલ તેમજ સમગ્ર સંકુલના મર્યાદિત શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ સાથે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યું હતું. ડૉ.આર.એન. સદરી અને CTO ભારતી કે. વાઘ મહેમાનોને ધ્વજ સુધી દોરી ગયા હતા. કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓની ગેરહાજરીમાં જીવન જ્યોત ટ્રસ્ટ હોસ્પિટલના CEO ડૉ. શૈલેષ દેસાઈ, ડૉ. ભાવિન મોદી, ડૉ. ભરત પરસાણા તેમજ હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ અને મેનેજમેન્ટ સ્ટાફનું કોવિડ–૧૯ કોરોના વાયરસની મહામારીના કપરા સમયગાળા દરમ્યાન બજાવેલ પ્રશંસનીય કામગીરી બદલ કુલ ૨૦ કોરોના વોરિયર્સનું સન્માન કરી તેમને શુભેચ્છા પાઠવી. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહએ રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતની ભૂમિકા વિશે, દેશને આઝાદી અપાવનાર વીર સપૂતોને યાદ કર્યા હતા. વિદ્યાર્થીઓને જળ, વીજળી જેવા સંસાધનોની બચત કરી કોરોના કાળમાં જરૂરતમંદોને મદદ કરી દેશને આગળ લાવવા હાકલ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રો.ડૉ.આર.ડી. રાણા, પ્રા. સોનલ કુલકર્ણી, પ્રો.આર.ડી.ઝા, પ્રા.સી.યુ.નાયક તથા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમને અંતે આભારવિધિ શાળાના આચાર્ય શ્રીમતી કલ્પનાબેન દેસાઈએ કરી હતી.




## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### 'યોગા અને પ્રેક્ષા મેડીટેશન' : વર્કશોપ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતના ફિઝીકલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, એન.એસ.એસ. યુનિટ દ્વારા 'મેરે ભગવાન મહાવીર ગ્રૂપ'ના સંયુકત ઉપક્રમે, આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ 'યોગા અને પ્રક્ષા મેડીટેશન' વિષય પર સાપ્તાહિક નેશનલ લેવલ ઓનલાઈન યોગા વર્કશોપ, ગુગલ મીટના માધ્યમથી સુરતના પ્રખ્યાત યોગા અને પ્રેક્ષા મેડીટેશન ઈન્ટરનેશનલ મોટીવેટર શ્રીમતી અલ્કા સંખલા અને તેમના કો–ટ્રેનર શ્રીમતી રંજના ભોલાવત દ્વારા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે આ વર્કશોપમાં જોડાયેલા સહભાગીઓને ધ્યાન અને યોગની પ્રવૃત્તિઓ પ્રાયોગિક દ્રષ્ટાંત આપીને કરાવી હતી. તેમણે Covid-19 જેવી મહામારી દરમ્યાન તણાવથી દૂર રહેવા અને રોગ–પ્રતિકાર શકિત વધારવા વર્કશોપના સહભાગીઓને ધ્યાન, પ્રાણાયમ, યોગ અને સૂર્ય નમસ્કાર પણ કરાવ્યા હતા. આ પ્રોગ્રામમાં દેશના ૨૩ રાજ્યોથી કુલ ૪૫૪ જેટલા એકડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાથીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવયો હતો. આ વર્કશોપના સહભાગીઓને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.


અંતે વર્કશોપને સફળ બનાવવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે યોગા ટ્રેનર્સ શ્રીમતી અલ્કા સંખલા, શ્રીમતી રંજના ભોલાવત અને સહભાગીઓ તેમજ 'મેરે ભગવાન મહાવીર ગ્રૂપ' ટ્રસ્ટના ચેરપર્સન શ્રી રાહુલ બાફનાનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રો. ક્રિષ્ના દેસાઈ, શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરા અને ટેકનીકલ સ્ટાફ શ્રીમતી ભૂમિ દેસાઈ અને કુ. ક્રીના દેસાઈએ કર્યું હતું.





## વર્ચુઅલ ઓરિએન્ટેશન પ્રોગ્રામ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં યુટ્યુબ લાઈવ સ્ટ્રીમીગના માધ્યમથી બી.કોમ. અને બી.બી.એ.ના પ્રથમ વર્ષની વિદ્યાર્થિનીઓ માટે વર્ચુઅલ ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે વિદ્યાર્થિનીઓને કોલેજમાં થનારી વિવિધ પ્રવૃતિઓ, તેમની હાજરી, પરીક્ષા પધ્ધતિ અને વિદ્યાર્થિનીઓ દ્વારા મોબાઈલ અને સોશ્યલ મીડિયાનો દુરુપયોગ વિષે માહિતી આપી નવા શૈક્ષણિક વર્ષ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આચાર્યશ્રીએ વિદ્યાર્થિનીઓને સ્વનિર્ભર થવા માટે કોલેજમાં ચાલતા કરિયર ઓરીએન્ટેડ કોર્સીસ જેવા કે, ડિજીટલ ઈંગ્લિશ લેંગ્વેજ લેબ, સી.સી.સી, સાયબર સિક્યોરિટી, ડિજીટલ માર્કેટિંગ, વેબ ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ, ગ્રાફિક ડિઝાઇનિંગ, પર્સનાલીટી ડેવલપમેન્ટ તથા કમ્યુનિકેશન સ્કીલ્સ, Tally with G.S.T., કરવા પ્રેરણા પૂરી પાડી હતી. ભણતરની સાથે સાથે વિદ્યાર્થિનીઓ સ્વરક્ષા માટે માત્ર સજાગ જ નહી પણ સક્ષમ પણ બની રહે એ આશયથી કોલેજમાં સેલ્ફ ડિફેન્સની તાલીમ લેવા માટે પણ પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રોગ્રામમાં ૪૦૪ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ વેબિનારમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે ઉપસ્થિત વિદ્યાર્થિનીઓનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાંશુ ઠક્કર તથા ટેકનીકલ સ્ટાફ શ્રીમતી ભૂમિ દેસાઈ અને કુ. ક્રીના દેસાઈએ કર્યું હતું.




## ડિજીટલ બુક–રિવ્યુ





વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં સપ્તધારાના જ્ઞાન ધારા અંર્તગત લાયબ્રેરી કમિટિ દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ બુકરિવ્યુ સિરિઝ – 'અભિગ્યા' અંતર્ગત તેરમા ડિજીટલ બુકરિવ્યુ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યા મંગલ રેસિડેન્શિયલ સ્કૂલના આચાર્યશ્રી મનીષ પુરાણીએ કેરોલ ડ્વેક લેખિત 'માઈન્ડ સેટ ચેન્જીંગ ધ વે યુ થીંક ટુ ફૂલફીલ યોર પોટેન્શિયલ' શીર્ષકને ચરિતાર્થ કરતા ફિક્સ માઈન્ડસેટ અને ગ્રોથ માઇન્ડસેટ વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. પ્રિ.મનીષ પુરાણીએ ગ્રોથ માઈન્ડસેટ દ્વારા અલગ અલગ ક્ષેત્રોમાં સિદ્ધિ હાસિલ કરનાર વ્યકિતઓના ઉદાહરણો આપ્યા હતા તથા ગ્રોથ માઈન્ડસેટ કેવી રીતે ડેવલપ કરવું તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં દેશના ૧૧ રાજ્યોથી કુલ ૧૮૧ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. લાઈબ્રેરી કમિટિના ચેર પર્સન શ્રી શિવાંગ મેહતાએ

શ્રી મનીષ પુરાણીનો શ્રોતાઓ સમક્ષ પુસ્તકની સમીક્ષા કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન લાઈબ્રેરી કમિટિના સેક્રેટરી પ્રો. ડૉ. નેહા રાવલ, ચેર પર્સન શ્રી શિવાંગ મહેતા તથા ટેકનીકલ સ્ટાફ મિસ. ક્રિના દેસાઈ અને મિસ. ભૂમિ દેસાઈએ કર્યુ હતું.


## જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન, અમરોલી.

### સૂર્ય નમસ્કાર : કાર્યક્રમ



રોગચાળાની પરિસ્થિતિમાં સ્વાસ્થ્ય જાળવણીની પ્રેરણાના ભાગરૂપે જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીની સ્પોર્ટ્સ કમિટી દ્વારા માઈક્રોસોફ્ટ ટીમ્સના વર્ચ્યુઅલ પ્લેટફોમની મદદથી ૨૧ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ "સૂર્ય નમસ્કાર"નું આયોજન કર્યુ હતું. જેમાં કુલ ૩૫ સહભાગીઓ જોડાયા હતા કાર્યક્રમની શરૂઆત ઈ.ચા.આચાર્ય ડૉ.મુકેશ ગોયાણીના ૫વકતવ્ય દ્વારા થઈ હતી. બીબીએ કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.સ્વાતિ મહેતા, બી.કોમ. કો–ઓર્ડિનેટર પ્રા.ધરીત નાયક અને બીસીએ કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.જૈમિન શુકલા દ્વારા પણ વિદ્યાર્થીઓને પ્રેરણા મળી હતી. શ્રી કલ્પેશ રામાવતાર ગુપ્તા (રાષ્ટ્રીય કક્ષાના યોગ વિશેષજ્ઞ) દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાના વિજેતા તરીકે પ્રથમ ક્રમે વઘાસીયા ધ્રુવી દિનેશભાઈ (બી.બી.એ.), બીજા ક્રમે અકબરી શ્રેયા જગદીશભાઈ (બી.સી.એ.) તેમજ શર્મા કૃષ્ણ રાઘવેન્દ્ર (બી.કોમ), ત્રીજા ક્રમે ભદાની પાર્થ લાવજીભાઈ (બી.કોમ) તથા સોની રૂપેન્દ્ર કૃષ્ણ (બી.કોમ)ના સહભાગીઓની પસંદગી કરી હતી. સંચાલકશ્રીઓ, આચાર્યશ્રી પ્રા. રાગિણી પ્રસાદ, પ્રા.ડૉ.તન્વી ભલાલા, ડૉ. પ્રદીપ કુમાર લેન્કા, પ્રા. જીગ્નાશા વાગડિયા તેમજ પ્રા. સીએસ. પ્રશાંત પટેલે કોલેજના તમામ પ્રવાહના કો–ઓર્ડિનેટર, તકનીકી ટીમના સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો.


### ડિજિટલ પોસ્ટર મેકિંગ : સ્પર્ધા



કોરોનાની મહામારીની પરિસ્થિતિમાં સમાજને સારો સંદેશો પહોંચાડવાની આશા સાથે પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી દ્વારા વિદ્યાર્થીઓને ફરી એકવાર તેમનું હુન્નર ઉજાગર કરવા, ૨૮ ઓગસ્ટ ૨૦૨૦ ના રોજ "ડિજિટલ પોસ્ટર મેકિંગ સ્પર્ધા" યોજવામાં આવી હતી, જેમાં અમરોલી સ્વનિર્ભર કોલેજના વિવિધ પ્રવાહોના વિદ્યાર્થીઓએ ઘરબેઠા માઈક્રોસોફ્ટ ટીમ્સના વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા ભાગ લીધો હતો જેમાં ગ્રાફિક્સ, ટેક્સ્ટ, લેઆઉટ વગેરેના ઉપયોગથી વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભા દર્શાવી હતી. મહત્તમ દર્શકોને જોડવા માટે યુટ્યુબ ચેનલ પર બતાવવામાં આવી છે અને ઓપન લિંક પણ બનાવવામાં આવી હતી.

આ કાર્યક્રમની શરૂઆત બીબીએ કો–ઓર્ડિનેટર પ્રા. ડૉ. સ્વાતિ મહેતા, બી.કોમ.કો–ઓર્ડિનેટર પ્રા.ધરીત નાયક અને બીસીએ કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ.જૈમિન શુકલા દ્વારા પણ તેમના વકતવ્યથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળી હતી. નિર્ણાયક તરીકેની ભૂમિકા બી.કોમ કો–ઓર્ડિનેટર પ્રા. ધરીત નાયક દ્વારા ભજવવામાં આવી હતી. આ પ્રયત્નને સફળ બનાવવા માટે ઈ.ચા.આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, તમામ પ્રવાહના કો–ઓર્ડિનેટર અને તકનીકી ટીમો પ્રા.વિરલ પોલીશવાલા, પ્રા.હિતેશ પટેલ અને અન્ય ટીમ મેમ્બર દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું.

### કારકિર્દી માર્ગદર્શન : વેબિનાર



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) તેમજ સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી, દ્વારા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી વિશે જાગૃત કરવાના ઉદ્દેશ સાથે ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ સરકારી નોકરીઓ અને કારકિર્દી માર્ગદર્શન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર ઈવેન્ટને યુટયુબ ચેનલ પર પણ બતાવવામાં ઓપન લિંક પણ બનાવાઈ હતી, જેથી વેબિનારમાં આશરે ૨૪૦૦ વિદ્યાર્થીઓ લાભાન્વિત થઈ શકયા હતા. પ્રા.ડૉ.તન્વી ભાલાલા દ્વારા વેબિનારનું સંચાલન કરાયું હતું. બી.સી.એ. કો–ઓર્ડિનેટર ડૉ.જૈમિન શુકલાએ વિદ્યાર્થીઓને વેબિનારનો હેતુઓની સ્પષ્ટતા કરી તેમજ વકતા શ્રી ચેતન ભીમાણીના પરિચયથી સત્ર શરૂ કરવામાં આવ્યું છે. શ્રી ચેતન ભીમાણીએ "સરકારી નોકરીઓ–કારકિર્દી માર્ગદર્શન વેબિનાર" વિષય પર પોતાનું મૂલ્યવાન માર્ગદર્શન આપ્યું. તેમણે બેન્કિંગ સેકટર, વીમા ક્ષેત્રો, રાજય સરકાર ક્ષેત્રોમાં નોકરીની તક વિશે માહિતિ પૂરી પાડી હતી. રાજય સરકાર અને કેન્દ્ર સરકારનાં ક્ષેત્રોની પરીક્ષાની રીત, વિવિધ વિષયો, અભ્યાસક્રમ, પોસ્ટ, પગાર અને રોજગાર સંબંધિત માહિતી વિશે ચર્ચા કરી હતી. તેમણે ગ્રેજયુએશન દરમિયાન તેમજ ગ્રેજયુએશન પછી વિવિધ ક્ષેત્રોમાં પ્રવેશ પરીક્ષાની તૈયારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં આગામી ભરતી અંગેની અને ઉજ્જવળ કારકિર્દી માટે માહિતી આપી. પ્રા.ડૉ. ઈશ્વરી પટેલે આ પ્રયત્નને સફળ બનાવવા માટે વકતાશ્રી, ઈ.ચા.આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી, તમામ પ્રવાહના કો–ઓર્ડિનેટરના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય સમિતિના સભ્યો પ્રા.ડૉ.તન્વી ભલાલા, પ્રા. ભાવેશ પચ્ચીગર, ગ્રંથપાલ શ્રી સોનલ ભારતી અને શ્રી સંદિપ પટેલ, તેમજ તકનીકી સમિતિના સભ્યોના આભાર સાથે વેબિનારની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કોમર્સ કોલેજ, વલસાડ.

### વેબિનાર અને "શિક્ષક દિન" : ઉજવણી

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૦૫/૦૯/૨૦૨૦ના રોજ ૧૧.૦૦ થી ૧૨.૩૦ દરમિયાન "Role of NSS Program Officers and Volunteers in Disaster & Covid-19 Management" વિષય પર વેબિનાર યોજવામાં આવ્યો હતો. આ વેબિનારમાં શરૂઆતમાં આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. NSS પ્રો. ઓફિસરશ્રી પ્રા. આ.જી. પવાર દ્વારા સ્વાગત પ્રવચન અને કોલેજમાં ચાલતી NSSની વિવિધ પ્રવૃત્તિઓનો ચિતાર રજુ કરવામાં આવ્યો હતો. આ વેબિનારમાં કી નોટ સ્પીકર તરીકે ડૉ. કમલકુમાર તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના NSS કો–ઓર્ડિનેટર ડૉ. ભરતજી ઠાકોરે સેવા આપી હતી. આ વેબિનારમાં મોટી સંખ્યામાં જુદી જુદી કોલેજમાં પ્રોગ્રામ ઓફિસરો તથા NSSના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે પ્રા. ચિરાગ રાણા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તા. ૦૫/ ૦૯/૨૦૨૦ના દિવસે સમય બપોરે ૧૨:૩૦ થી ૦૫:૦૦ દરમિયાન શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. આચાર્યશ્રીએ પ્રાસંગિક પ્રવચનમાં શિક્ષકોની ભૂમિકા કેવી હોવી જોઈએ એ વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કર્યા હતા. સ્વાગત પ્રવચન પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર. જી. પવારે કર્યુ હતું. આભારવિધિ પ્રા. ચિરાગ રાણાએ કરી હતી. શિક્ષકદિન નિમિત્તે કાર્યક્રમાં ઉપસ્થિત કોલેજના બે પૂર્વ અધ્યાપકો પ્રા. એચ. એ. રાય તથા ટી.જી. પટેલનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના NSSના વિદ્યાર્થીઓ, અધ્યાપક મિત્રો તથા બિન શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. કે. આર. ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### NSS ડે : ઉજવણી

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૪/૦૯/૨૦૨૦ના રોજ એન.એસ.એસ. સ્થાપના દિવસની ઉજવણીનો કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. ગિરિશકુમાર રાણાના પ્રમુખપણા હેઠળ યોજવામાં આવ્યો હતો. આચાર્યશ્રી દ્વારા એન.એસ.એસ. વિદ્યાર્થીઓને કેટલા પ્રમાણમાં પોતાના જીવનમાં ઉપયોગી થાય છે તેનું મહત્વ સમજાવ્યું હતું. સ્વાગત પ્રવચન એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર.જી. પવાર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત એન.એસ.એસ. ના વિદ્યાર્થીઓ અને કોલેજના અધ્યાપક મિત્રોને કોલેજની એન.એસ.એસ.ની જે પ્રવૃત્તિઓ થાય છે તે અંગેની માહિતી PPT દર્શાવીને પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓમાંથી બે વિદ્યાર્થીઓ દ્વારા એન.એસ.એસ. વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સાથે કેટલું ઉપયોગી છે તે વિશે વાત કરી હતી. આભાર વિધિ પ્રો. ઓફિસર પ્રા. ચિરાગ રાણાએ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના વિદ્યાર્થી શ્રી વિકાસ ભાનુશાલી અને શ્રી રુદ્ર તુંબડીએ કર્યુ હતું. શિક્ષકદિન ઉજવણી કર્યા બાદ ગ્રીન કલબનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

### 'ભજન સંધ્યા' અને સાફ સફાઈ : કાર્યક્રમ

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા તા. ૨/૧૦/૨૦ના રોજ મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે તીથલ સાંઈ મંદિર ખાતે આચાર્યશ્રી ડૉ. ગિરીશકુમાર રાણાનાં અધ્યક્ષ સ્થાને 'ભજન સંધ્યા'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આચાર્યશ્રી દ્વારા પ્રાસંગિક ઉદ્દ્ભોદનમાં ગાંધીજીનાં જીવન ચારિત્ર્ય વિશે સમજણ પૂરી પાડી હતી.

સ્વાગત પ્રવચન પ્રોગ્રામ ઓફિસર પ્રા. આર.જી.પવાર દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ તરીકે તીથલ ગામના ઉપસરપંચ શ્રી સંકેતભાઈ પટેલ ઉપસ્થિ રહ્યા હતા. આભારવિધિ પ્રા. ચિરાગ રાણાએ કરી હતી. આ કાર્યક્રમમાં NSSના વિદ્યાર્થીઓ, અધ્યાપકમિત્રો તથા બિનશૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ 'ભજન સંધ્યા' કાર્યક્રમમાં ઉપસ્થિત ભજન મંડળી દ્વારા અને આચાર્યશ્રી દ્વારા ગાંધીજીનાં ભજનોની રમઝટ બોલાવવામાં આવી હતી.

'ભજન સંધ્યા' ના કાર્યક્રમ બાદ NSSના વિદ્યાર્થીઓ દ્વારા પ્રોગ્રામ ઓફિસર શ્રી આર. જી. પવાર અને પ્રો. ચિરાગ રાણાનાં માર્ગદર્શન હેઠળ તીથલ બીચ ખાતે સાફ–સફાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તીથલ બીચ ખાતે પડેલ પ્લાસ્ટીક અને અન્ય પ્રકારનો કચરો વીણીને રાખવામાં આવેલ ડસ્ટબીનમાં નિકાલ કરવામાં આવ્યો હતો.

## Vidyamandir College of Architecture, Vesu, Surat.

### Software

The design world does not only demand the theoretical part of the syllabus with endless effort, it demands great exposure in software and technology field. The possibility of creating a virtual walk through of the upcoming building and enhancing the art of imagination is the job of any design software. These software also help construction, estimation and detailing. This webinar explained the possibility of software skills necessary for a designer by an expert from the CAD field.

### Trends in Architectural and Interior lighting




Lighting can bring an emotional value to architecture which helps in creating an experience for those who occupy the space, lighting draws attention to texture, colors and form of spaces. It enhances the way we perceive architecture and appreciate the beauty in buildings around us. Lighting is not an afterthought it can be even what is celebrated most in an environment or home. This webinar talks about lighting and architecture from design and technical point of view.

### Out of the shadows – Ferro cement in Architecture





With a belief in self-learning and experimentation and architecture Mr. Arjun Doshi design spaces which are true to their surroundings. He works skillfully with Ferro – cement to design geometrically complex structures like origami and he has termed these kinds of forms as ferrogami structures. He takes us through a journey of some of his noted works and how they were designed and executed.

### Parametric Designs & Computational Architecture

Parametric design is a paradigm in design where the relationship between elements is used to manipulate and form the design of complex geometries and structures. Computational design is the application of certain strategies to the design process, which enhance design decisions using a computer language. Although these may

seem difficult words, they are very simple if you know the fundamentals. Ar. Shripad Bhalerao explains them to the students and clarifies the concepts in this webinar.




## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Surat.

### Documentary Series on Inspiring Lives 2020

ઉધના કોલેજમાં Documentary Series on Inspiring Lives નો પ્રથમ ભાગ તા.૯/૧૦/૨૦૨૦ના રોજ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેમાં ડૉ. સુધા મૂર્તિ પર પ્રા. જીનલ પુરોહિત અને પ્રા. બેનાઈફર ડુમસિયા દ્વારા Documentary ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન કોલેજના વુમન સેલના સભ્યો દ્વારા આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### સત્યનારાયણ કથા

ઉધના કોલેજ દ્વારા તા. ૨૮/૧૦/૨૦૨૦ના રોજ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈએ શ્રી ગણેશ પ્રાર્થના સાથે વિધિની શરૂઆત કરી હતી. ટ્રસ્ટના સભ્યોશ્રી ભાણજીભાઈ પટેલ, શ્રી કાંતિલાલ પટેલ અને શ્રી નિરંજનભાઈએ આ પ્રસંગે હાજર રહી સંસ્થાની પ્રગતિ અને સમૃદ્ધિ માટે મંગલ કામના કરી હતી. કોલેજ પરિવારના સભ્યો તેમજ ટ્રસ્ટ સંચાલિત શાળાનાં આચાર્યોએ ભગવાન શ્રી સત્યનારાયણના આશિર્વાદ લીધા હતા. આરતી અને પ્રસાદી–ભોજન સાથે કથા સંપન્ન થઈ હતી. તદપરાંત આસો સુદ આઠમના પવિત્ર દિવસે કોલેજના પ્રાગણમાં સામાજીક અંતર રાખી શ્રી અંબેમાની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના તમામ સભ્યોએ આરતીમાં ભાગ લઈ વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું. આરતીનું સફળ આયોજન કોલેજની સાંસ્કૃતિક સમિતિના સભ્ય આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Arvind V. Dhaduk**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**
This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgulibrary.org.in**